RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-03
March -2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# નમસ્તે કોરોના : મૂલ્ય શિક્ષણના વિશેષ સંદર્ભે

Dr. Ashokkumar B. Makwana

*I/C Principal, Late M. C. Parmar B.Ed. College, Khatamba, Khatamba, Waghodiya Road, Vadodara, Gujarat (India)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 16 Mar 2020

**Keywords**
*કોરોના, મૂલ્ય શિક્ષણ, વૈશ્વિક મહામારી*

**ABSTRACT**

*આજે વિશ્વ આખું જે મહામારીમાંથી પસાર થઈ રહ્યું છે તેનું નામ છે – કોરોના. આ ભયંકર વાયરસે આજે લાખો લોકોના જીવ લઈ લીધા છે. એ બાબત સર્વવિદિત છે કે ચીન દેશના વુહાન શહેરમાંથી આવેલ આ વાયરસે વિશ્વના આશરે ૧૮૯ દેશોમાં પોતાનો અડ્ડો જમાવી દીધો છે. ઈતિહાસ સાક્ષી છે કે છેલ્લા ૪૦૦ વર્ષમાં આવી વૈશ્વિક મહામારી થયેલ છે. ઈતિહાસ તો ભૂતકાળના પાઠ શીખવે છે, પરંતુ આજે ફેલાયેલ કોરોના વાયરસ વર્તમાન સમયમાં એક પડકાર એટલા માટે બની ગયો છે કારણકે તેની કોઈ રસી કે દવા હજુ સુધી ઉપલબ્ધ થઈ નથી. કોરોના વાયરસનો આકાર બહારથી કાંટાળો હોઈ તેનું નામ કોરોના અપાયું છે. ડરના માહોલમાં લોકો જીવી રહ્યા છે તેના સંદર્ભમાં કહેવાય છે કે ડર કરતાં સાવચેતી જરૂરી છે. શાળા કોલેજના વિદ્યાર્થીઓમાં આવી સાવચેતી શિક્ષણ જ આપી શકે. શું આવી મહામારીનું શિક્ષણ આપી શકાય ? શું સાવચેતી કે સ્વાસ્થ્યનાં મૂલ્યો આવી કે આવનારી અન્ય મહામારીઓ સામે રક્ષણ આપી શકે ? જવાબ છે હા. સાવચેતી રાખવાથી આ વાયરસને નથી શકાય છે તેમજ ભવિષ્યમાં આવનારા સ્વાસ્થ્ય સંબંધી બાબતોના પડકારોને પહોચી વળવામાં વ્યક્તિને સક્ષમ બનાવે છે. પ્રસ્તુત લેખનો ઉદ્દેશ્ય વર્તમાન મહામારી તેમજ આવી અન્ય નાની મોટી પરિસ્થિતિઓ સામે પડકાર બાબતે મૂલ્ય શિક્ષણને જોડવાનો પ્રયત્ન છે.*

**પ્રસ્તાવના :**

મૂલ્ય માનવ જીવનનું ઘરેણું છે. મૂલ્ય થકી માનવજીવન ગુંજતું રહે છે. સમાજમાં વ્યક્તિની સાચી ઓળખ વ્યક્તિએ પોતાના જીવનમાં આત્મસાત કરેલાં મૂલ્યો થકી જ થાય છે. આદિકાળથી લઈને આજ પર્યંત મનુષ્ય દ્વારા વિવિધ કાર્યો અને વસ્તુઓને અલગ અલગ અર્થ આપવાનું કામ થતું રહ્યું છે. મનુષ્યને જે કાર્ય કે વસ્તુ ગમે છે, આકર્ષે છે અને સમાજ માન્ય છે તેનું મૂલ્ય વધુ હોય છે. આપણે પણ સ્વાભાવિકપણે તેને જ મૂલ્યવાન કહીએ છીએ. આમ મનુષ્ય દ્વારા જેતે કાર્ય, વસ્તુ કે કોઈ બાબતને આપવામાં આવેલ અર્થ વિશે ઊંડાણથી વિચારીએ છીએ ત્યારે મૂલ્યનો સરળ અર્થ સ્પષ્ટ થાય છે કે મૂલ્ય-વિચારમાં કાર્ય, વસ્તુ કે કોઈ બાબતનું મહત્વ નથી પરંતુ તેને અપાયેલ અર્થનું મહત્વ છે. સામાન્ય રીતે મનુષ્ય એવાં જ કાર્યો, વસ્તુઓ કે બાબતોને પસંદ કરશે કે જે તેને મન યોગ્ય અને શ્રેષ્ઠ છે. મૂલ્ય શબ્દનો અર્થભાવ જગતથી અને મનોવ્યાપારથી સમજવો સહેલો છે પરંતુ તેની વ્યાખ્યા કરવી ખુબ જ કઠિન છે. દા.ત. સમાજમાં હિંસા,લૂટફાટ, ભ્રષ્ટાચાર, બળાત્કાર વગેરે અનિષ્ટો કેમ વધી ગયાં છે ? આ પ્રશ્નનો જવાબ શોધવાની મથામણ કરીએ છીએ ત્યારે વર્તમાન સમાજમાં કંઈ ખૂટતું હોય તેવી અનુભૂતિ આપણને થાય છે.તેવી જ રીતે હાલમાં ચાલી રહેલી કોરોના જેવી મહામારીને પણ આ બાબત સાથે સાંકળી શકાય. આવા પ્રકારની અનુભૂતિ જ મૂલ્યને સમજવામાં મદદ કરે છે. અનેક વિદ્વાનો એ મૂલ્યની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે. જેમાં બ્રાઉડીનો અભિપ્રાય વધુ ધ્યાન ખેંચે છે. બ્રાઉડીના મત મુજબ કોઇપણ કાર્યની પસંદગી પાછળ મુખ્ય બે કારણો જવાબદાર છે. એક તો પ્રસ્તુત કાર્ય યોગ્ય છે માટે તે કરવું જ જોઈએ અને બીજું કારણ, કાર્યપસંદગી સંદર્ભે જે વિકલ્પો ઉપલબ્ધ છે તેમાંથી આ શ્રેષ્ઠ છે માટે તે કરવું જોઇએ. આમ કાર્યની યોગ્યતા અને વસ્તુ કે કોઈ બાબતની પસંદગીની શ્રેષ્ઠતા જ મૂલ્યનું રૂપ ધારણ કરે છે.

**મૂલ્યનો અર્થ :**

મૂલ્ય એક વિચાર છે, માનવમનની એક સંકલ્પના છે. આથી માનવજીવનના સુસંવાદી વિકાસ માટે ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ વિચાર કે સંકલ્પના જ મૂલ્ય છે. શબ્દકોષમાં મૂલ્ય એટલે કઈ 'ઉપયોગી', 'ગુણવત્તાવાળું', 'શ્રેષ્ઠ', ''મહત્વનું', મેળવવા યોગ્ય' કે 'મૂલવી શકાય તેવું' એવો અર્થ કરવામાં આવ્યો છે. અહીં મૂલ્ય માટે જે તે વસ્તુની ઉપયોગિતા, ગુણવત્તા, શ્રેષ્ઠતા અને મેળવવા માટેની યોગ્યતાનો સ્વીકાર કરવામાં આવેલો છે.

મૂલ્યનો કોઈ વસ્તુની દૃષ્ટિએ વિચાર કરીએ તો વસ્તુની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તાએ જ મૂલ્ય છે. અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ મૂલ્યનો વિચાર કરીએ તો વસ્તુની વસ્તુલક્ષી બાહ્ય-વ્યવહારાધીન ગુણવત્તા ધ્યાનમાં લેવાય છે.

RRIJM 2015, All Rights Reserved

આ દ્રષ્ટિએ વસ્તુને બદલે કોઈ ઘટના, પરિસ્થિતિ કે સ્થળ વગેરેની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તા એ મૂલ્ય છે એવો અર્થ કરી શકાય. મૂલ્યનાં લક્ષણોના સંદર્ભમાં મૂલ્યની વિભાવનાનું વિશ્લેષણ નીચે પ્રમાણે કરી શકાય.

- મૂલ્ય દ્વારા જીવનમાં કંઈક મહત્ત્વનું હોવા વિશેનો વિચાર વ્યક્ત થાય છે.
- મૂલ્ય વ્યક્તિને આત્મસાક્ષાત્કારના વિકાસ તરફ દોરે છે.
- મૂલ્ય મનોવૈજ્ઞાનિક સ્વરૂપે પ્રગટ થતું એક જૈવિક પરિબળછે.
- વસ્તુની વ્યક્તિલક્ષી આંતરિક ગુણવત્તા જ મૂલ્ય છે.

અહીં મૂલ્યની કેટલીક વ્યવહારુ વ્યાખ્યાઓનો અભ્યાસ કરીને મૂલ્યનો અર્થ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરીશું.

- માનવે વસ્તુને આપેલો કોઈ સૂચક અર્થ એટલે જ મૂલ્ય.
- વિષયવસ્તુનો શૈક્ષણિક ફલિતાર્થ મૂલ્ય તરફ અંગુલીનિર્દેશ કરે છે.
- વ્યક્તિને મન સંસ્કૃતિ અને પરંપરામાં જે મહત્વનું છે તે જ મૂલ્ય છે.
- કોઈ નિશ્ચિત ગ્રંથનો સંદેશ પણ એક મૂલ્ય છે.
- કોઈ વ્યક્તિ કે ગ્રંથના ધ્યેયનિષ્ઠ વિચારો મૂલ્યોનું જ એક સ્વરૂપ છે.
- વ્યક્તિ દ્વારા પોતાના કે અન્યના વિચારોનો આદર્શ તરીકે સ્વીકાર કરવો તે પણ એક મૂલ્ય છે.

શિક્ષણચિંતકોની ઉપરોક્ત સંકલ્પનાઓથી સ્પષ્ટ થાય છે કે મૂલ્યશિક્ષણ એટલે....

- નૈતિકતા, સમભાવ અને આધ્યાત્મિક વિકાસ માટેનું શિક્ષણ.
- સાદાઈ, સ્વતંત્રતા, શ્રમભાવના, સૌંદર્યદ્રષ્ટિ જેવા ગુણોના વિકાસનું શિક્ષણ.
- સત્ય અને અહિંસા જેવાં શાશ્વત મૂલ્યોના વિકાસ માટેનું શિક્ષણ.
- વફાદારી, હિંમત, શિસ્ત, ભોગ, સત્યપાલન જેવા ગુણોની ખીલવણી માટેનું શિક્ષણ.
- ઉમદા સંસ્કારોનું સિંચન, મૂળભૂત વૃત્તિઓને સદાચાર દ્વારા અભિવ્યક્ત કરવી અને હૃદય પરિવર્તન માટેનું શિક્ષણ.
- માનવતા, માનસિક વિશાળતા, સેવાભાવના, નિર્ભયતા, પ્રમાણિકતા, નિષ્ઠા, સન્માન, સહકાર અને જવાબદારીની ભાવના વિકસાવવા માટેનું શિક્ષણ.
- બિનસાંપ્રદાયિકતા, આંતરરાષ્ટ્રીય સહકાર, શાંતિમય સહઅસ્તિત્વ, સમાનતા, અખંડિતતા અને જવાબદારીની ભાવના વિકસાવવા માટેનું શિક્ષણ.

આમ જોઈએ તો વ્યક્તિમાં સામાજિક, આધ્યાત્મિક, વ્યક્તિગત, રાષ્ટ્રીય, નૈતિક, બૌદ્ધિક અને આરોગ્ય વિષયક અનેક મૂલ્યોનું સિંચન કરવાના હેતુથી આપવામાં આવતું શિક્ષણ કે જેને આપણે મૂલ્યશિક્ષણ તરીકે ઓળખીએ છીએ.

**મૂલ્યશિક્ષણની આવશ્યકતા :**

પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થી જ્ઞાનપ્રાપ્તિ સાથોસાથ મૂલ્યાભિમુખ થતો જાય તે જરૂર છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ(૧૯૮૬)ના અહેવાલમાં આવશ્યક મૂલ્યોના ઉપયોજન પ્રત્યેના વધતા જતા અભિનિવેશ તથા સમાજમાં વધતી જતી હતાશાએ સામાજિક તેમ નૈતિક મૂલ્યોના ખેડાણ માટે શિક્ષણને એક સબળ સાધન બનાવવા માટે અભ્યાસક્રમમાં પરિવર્તનોની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો છે. મૂલ્યશિક્ષણનાં મૂળ સંસ્કૃતિના જતન અને સંવર્ધનમાં રહેલાં છે. દરેક સમાજે સાંસ્કૃતિક વિરાસતને મહત્વ આપ્યું છે. કેળવણી માત્ર મનુષ્યને અપાતું અક્ષરજ્ઞાન નથી, એ એક મૂલ્ય છે. જે દીર્ઘકાળ સુધી સમગ્ર શિક્ષણજગતના અનુસંધાનમાં વ્યક્તિના જીવન પર પ્રભાવ પાડે છે.

મૂલ્યશિક્ષણનું મહત્વ દર્શાવતાં એક કેળવણીકારે સમુચિત રીતે દર્શાવ્યું છે કે... "સાંપ્રતમાં મનુષ્ય કુંઠિત સમસ્યાઓ સંમુખ ઊભો છે. પ્રાવિધિક વિજ્ઞાનનો યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો તેની સંવેદનાઓ, તેની પાછળ અપેક્ષિત કે સમાજ ઉપયોગી ઉત્પાદક કાર્યમૂલ્ય શિક્ષણ પતન થાય છે. મનુષ્યજીવન માટેનો ઉત્સાહ ગુમાવે છે અને તેની અંદર રહેલી સર્જનશક્તિ નાશ પામે છે."

શિક્ષણ માટે ત્રણ રીતે વિચારવું જોઈએ. (૧) બૌદ્ધિક શિક્ષણ, (૨)નૈતિક, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો અંગેનું શિક્ષણ, (3)જીવન ઉપયોગી અલગ રીતે આપવાની જરૂરિયાત વિશે અનેક પ્રશ્નો ઊભા થયા છે. જો બાળકોને સારું શિક્ષણ આપવામાં આવે તો તેઓ પોતાની મેળે સારાં મૂલ્યો આત્મસાત કરશે એવી માન્યતા છે. છતાં ઘણા સમયથી ભારતના શિક્ષણમાં મૂલ્યશિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આઝાદી પહેલાં ગાંધીજીની બુનિયાદી તાલીમના શિક્ષણના અહેવાલમાં મૂલ્યશિક્ષણ પર ભાર મૂકવામાં આવેલો. ત્યારબાદ રાધાકૃષ્ણનું યુનિવર્સિટી પંચ, મુદલિયાર કમિશન, શ્રી પ્રકાશ સમિતિ, કોઠારી કમિશન અને ત્યારબાદ ૧૯૮૬ની રાષ્ટ્રીયશિક્ષણનીતિમાં પણ મૂલ્યોના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. મૂલ્યશિક્ષણની આવશ્યકતા ઊભી થઈ છે કારણકે...

(૧) દિનપ્રતિદિન આવશ્યક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં ચારે તરફ ધૃણા અને તિરસ્કારનું વાતાવરણ

ઊભું થયું છે ત્યારે સામાજિક અને નૈતિકમૂલ્યો પ્રજાજીવનમાં સંક્રમિત કરવા માટે મૂલ્યશિક્ષણ આવશ્યક છે.

(૨) સમાજને નૈતિક અને આધ્યાત્મિક અધઃપતનમાંથી બચાવી, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

(૩) દેશની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સંવર્ધન, સંપ્રસારણ અને સંક્રમણ માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે. મૂલ્યો સંસ્કૃતિનાં પ્રજીવકો છે. મૂલ્યસિંચન દ્વારા સંસ્કૃતિનું વૃક્ષ પરિપુષ્ટ બને છે. દેશની ઉજ્જવળ સાંસ્કૃતિક પરંપસઓ, પ્રણાલીઓ, માન્યતાઓ અને આદર્શોના જતન માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

(૪) વિજ્ઞાન અને ટેકનોલોજીની હરણફાળ સાથે લોકોની ભૌતિક સમૃદ્ધિ વધી છે' આમ છતાં લોકો હતાશા – નિરાશા અને અસ્તિત્વની અર્થશૂન્યતામાં ધકેલાઈ ગયા છે, ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં આંતરિક અશાંતિ અને અજંપો વધતો જાય છે. આમાંથી માનવજાતને ઉગારવા નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય બની છે.

(૫) દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ પ્રાચીન શાશ્વત અને સનાતન મૂલ્યોનું ધોવાણ થયું છે. સત્ય, અહિંસા, ભ્રાતૃભાવ જેવાં મૂલ્યોનું ધોવાણ થયું છે. આવાં મૂલ્યોની પુનઃસ્થાપના માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય બન્યું છે.

(૬) વિશ્વના દેશો ઝડપથી ભૌતિકવાદ તરફ ધસી રહ્યા છે. તેને ખાળવા માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે. જેમકે કોરોના વાયરસની સ્થિતિમાં સામાજિક મેળાવડા કે લોકોના ટોળા માટેની મનાઈ છે, કારણકે તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં સંક્રમિત થાય છે.

(૭) જ્યારે વિશ્વમાં માનવ-માનવ વચ્ચે ધર્મ, કોમ, ભાષા વગેરેની દિવાલો ઊભી થઈ હોય, માનવ જ્યારે પૂર્વગ્રહો અને દુરાગ્રહોથી પીડિત હોય ત્યારે આવા પૂર્વગ્રહો દૂર કરવા વિદ્યાર્થીઓને નાનપણથી જ શિક્ષણ દ્વારા મૂલ્યો સંક્રમિત કરવા અનિવાર્ય છે.

(૮) વિદ્યાર્થીઓમાં કેટલાક મૂળભૂત માનવીય ગુણોનો વિકાસ કરવા માટે મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

(૯) ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહીનું સંરક્ષણ કે સંવર્ધન કરવા માટે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ ઉપરાંત બિનસાંપ્રદાયિકતા, રાષ્ટ્રીયતા જેવાં મૂલ્યો વિકસાવવા માટે આવાં મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય થઈ પડ્યું છે. આ ઉપરાંત સ્વચ્છતા, સત્ય,અહિંસા, સ્વાવલંબન, સહકાર, સામાજિક ન્યાય, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, પર્યાવરણ સંરક્ષણ અને નાના કુટુંબની અગત્ય જેવાં મૂલ્યોનું શિક્ષણ સાંપ્રત સમયમાં અનિવાર્ય થઈ પડ્યું છે.

(૧૦) વિદ્યાર્થીઓમાં સ્વમાનની લાગણી વિકસાવવા, તેમનામાં વારસાગત ગુણોનો વિકાસ કરવા માટે અને સામાજિક અને નૈતિક મૂલ્યો આત્મસાત કરવા મૂલ્યશિક્ષણ અનિવાર્ય છે.

(૧૧) વિદ્યાર્થીઓમાં સ્વસ્થ જીવન જીવવા માટેનાં યોગ્ય વલણોનો વિકાસ કરવા મૂલ્યશિક્ષણ જરૂરી છે. આવાં વલણો – પોતાની જાત પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે,વિશ્વ પ્રત્યે,પર્યાવરણ પ્રત્યે, સમગ્ર માનવજાત પ્રત્યે વિકસાવવાં જરૂરી છે.

મૂલ્યોના શિક્ષણ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં જસ્ટિસ કૃષ્ણ આયરે કહ્યું છે....

"The world - drought of Human values caused by counter culture and mafia in power can be arrested by sublime principles."

**વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યશિક્ષણ :**

મૂલ્યશિક્ષણ એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે. જીવનની જુદી જુદી સ્થિતિમાં જુદાં જુદાં મૂલ્યો વિકસતાં હોય છે. શાળા શિક્ષણના સાક્ષરી વિષયોમાં ઘણાં મૂલ્યો સમાયેલાં છે પરંતુ તે બધાં જ મૂલ્યો બાળકો પોતાના જીવનમાં આત્મસાત કરી શકતાં નથી એટલા માટે કે સાક્ષરી વિષયોમાં નિહિત મૂલ્યો નિશ્ચિત સમયમાં શીખવવામાં આવે છે અને મોટે ભાગે વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શીખવવામાં આવે છે. આથી આવી રીતે શીખવેલાં મૂલ્યો થોડા સમય પછી બાળકો ભૂલી જતાં હોય છે. જેમ કહેવાય છે કે મેં સાંભળ્યું હું ભૂલી ગયો, મેં જોયું મને યાદ રહી ગયું અને મેં કર્યું મને આવડી ગયું.અહીં પ્રત્યક્ષ રીતે કરેલાં કાર્યોનું કેટલું મહત્ત્વ છે તે સ્પષ્ટ થાય છે. આમ કોઈ પણ કાર્યને પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખવવામાં આવે તો તે કાર્ય વ્યક્તિમાં આત્મસાત થઈ જાય છે. બાળકોને આપણે પ્રવૃત્તિકાર્ય દ્વારા મૂલ્યો શીખવીશું તો તે પોતાના જીવનમાં એ મૂલ્યોને આત્મસાત કરી લેશે. પ્રવૃત્તિ કાર્ય દ્વારા શીખેલી બાબતો બાળકો લાંબા સમય સુધી ભૂલી શકતાં નથી. મૂલ્યશિક્ષણ આપવાના હેતુથી શાળામાં નીચે મુજબની પ્રવૃત્તિઓ યોજી શકાય.

- વિદ્યાર્થીઓનું સ્વશાસન
- વિવિધ ધર્મો અને સમુદાયોના ઉત્સવોની ઉજવણી
- વૃક્ષારોપણ પ્રવૃત્તિ
- સ્વચ્છતા ઝુંબેશ
- પોષણ અંગેની ઝુંબેશ
- સામુદાયિક વિકાસની પ્રવૃત્તિઓમાં સહભાગિતા
- જરૂરિયાતમંદોની સેવા

RRIJM 2015, All Rights Reserved 

- આપત્તિગ્રસ્તોને સહાય

**સ્વચ્છતા ઝુંબેશ :**

આપણા જીવનમાં સ્વચ્છતાનું ઘણું મહત્ત્વ રહેલું છે. ગુજરાતીમાં કહેવત છે કે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' અર્થાત જ્યાં સ્વચ્છતા હોય છે ત્યાં પ્રભુનો વાસ હોય છે.હાલમાં કોરોનાની ગંભીર અને જીવલેણ સ્થિતિમાં ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવાની સલાહ આપવામાં આવી રહી છે. એ પણ વ્યક્તિગત સ્વચ્છતાની જ બાબત છે. આપણાં આરોગ્ય માટે પણ સ્વચ્છતાનું ઘણું મહત્વ રહેલું છે. આથી શાળામાં કોરોના વિષે તેમજ અન્ય રોગો બાબત સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ. સ્વચ્છતા ઝુંબેશ દ્વારા બાળકોમાં સ્વચ્છતા સંબંધી મુલ્યોનો વિકાસ કરી બાળકોનું આરોગ્ય સુધારી શકાય.

શાળામાં રોજે-રોજ વર્ગખંડોની સફાઈ, લોબીની સફાઈ, પ્રાંગણની સફાઈ,જાજરૂ-પેશાબઘરની સફાઈ નિયમિત રીતે થતી હોય છે, પરંતુ વર્ગખંડોના પાછળના ભાગની સફાઈ, પાણીની ટાંકીની સફાઈ, જાજરૂ તેમજ પેશાબરના આજુબાજુની સફાઈઅને પ્રાંગણના ફરતે પણ બિનજરૂરી કચરો કે નકામું ઘાસ વધી ગયું હોય છે ત્યાં સુધી કે કમ્પોસ્ટ ખાડાના બહાર અડધા રસ્તા સુધી કચરો પડ્યો હોય છે. વર્ગખંડો કે વર્ગખંડોની બહાર મૂકવામાં આવેલી કચરાપેટીઓ ભરાયેલી હાલતમાં ઘણા દિવસો સુધી પડી રહેતી હોય છે. પરિણામે વાતાવરણમાં દુર્ગંધ ફેલાય છે જેની બાળકોનાં આરોગ્ય પર માઠી અસર પડે છે. આથી શાળામાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ.

આ શાળા દ્વારા મહિનામાં એક-બે વખત મહાસફાઈનું આયોજન કરીને. જે ભાગોની નિયમિત સફાઈ ન થતી હોય તેવા ભાગોની સફાઈ કરવી જોઈએ. શાળા મકાનના પાછળના ભાગમાં પડેલો કચરો, બિનજરૂરી નકામું ઘાસ લઈ લેવું,અસ્તવ્યસ્ત પડેલા પથરા-ઢેખારા વગેરે લઈ લેવા, પ્રાંગણના ફરતે વધી ગયેલું ઘાસ સાફ કરવું, જાજરૂ-પેશાબઘરની આજુબાજુ પાણી ભરાતું હોય તો પાણીનો નિકાલ કરવો, કચરાપેટીઓ નિયમિત રીતે ખાલી કરવી, પાણીની ટાંકી ખાલી કરીને તેની વ્યવસ્થિત સફાઈ કરવા માટે શાળામાં સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ.

શાળામાં ભણવા આવતાં બાળકોના શરીરની સફાઈ, કપડાંની સ્વચ્છતા, બાળકોના હાથ-પગના નખ કાપવા, માથાના વાળની સ્વચ્છતા અને દફતરની સ્વચ્છતા બાબતે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. આવા પ્રકારની વ્યક્તિગત શારીરિક સ્વચ્છતાની ઝુંબેશ ચલાવીને બાળકોને સતત માર્ગદર્શન આપી બાળકોને પોતાની અંગત સ્વચ્છતા બાબતે જાગૃત બનાવી શકાય.

શાળા દ્વારા મહિનામાં એકાદ વખત ગ્રામસફાઈનું આયોજન કરીને ગામની સ્વચ્છતા માટે પણ સ્વચ્છતા ઝુંબેશ ચલાવવી જોઈએ. ગામના રસ્તાઓની સફાઈ, શેરીઓની સફાઈ, રસ્તાઓ તૂટી ગયા હોય, રસ્તાઓમાં મોટા ખાડા પડી ગયા હોય, રસ્તાઓની આજુબાજુના ખાડા-ખાબોચિયામાં પાણી ભરાઈ રહેતું હોય તો તે વાખાડા-ખાબોચિયાં માટીથી પૂરી દઈ રસ્તાને સ્વચ્છ કરવાનું કાર્યશાળા દ્વારા હાથ ધરી શકાય. ગામનો ચોરો, પંચાયત ઘરની આજુબાજુની સફાઈ, ગામનાં જાહેરસ્થાનોની સફાઈ, ગામના છેવાડે આવેલ ઉકરડાની સફાઈ માટે શાળા દ્વારા સ્વચ્છતા ઝુંબેશ ચલાવીને ગામને સ્વચ્છ બનાવી શકાય. તેનાથી સમાજના લોકોનું આરોગ્ય સુધારી શકાય.

સ્વચ્છતા ઝુંબેશ દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત કે શારીરિક સ્વચ્છતા અંગેનાં મૂલ્યો, આરોગ્ય સંબંધી મૂલ્યો, જાહેરસ્થાનોની સ્વચ્છતા અંગેનાં મૂલ્યો, સમાજની સુખાકારીનું હિત, સ્વચ્છતામાં સહભાગિતા, પરસ્પર સહયોગ અને સ્વચ્છતા અંગેની સભાનતા જેવાં મૂલ્યોનું સિંચન કરી શકાય છે.

**સમાપન :**

આશરે ૧૮૯ જેટલા દેશોમાં ફેલાયેલ નોવેલ કોરોના વાયરસ અંગે હવે વર્તમાન અને ભાવિ પેઢીને માર્ગદર્શન આપવાનું કાર્ય શિક્ષણ અને શિક્ષક જ કરી શકે એમ છે. કોરોના વાયરસ તાંબા પર ૪ કલાક અને પ્લાસ્ટિક પર ૩ દિવસ સુધી જીવતો રહે છે. આવું જ્ઞાન મૂલ્ય શિક્ષણ થકી વિદ્યાર્થીઓને આપવું ઘટે. WHO એટલે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આ કોરોના વાયરસને COVID-19 એવું નામ આપેલ છે. કહેવાય છે કે આ વાયરસનો આકાર તાજ એટલે ક્રાઉન જેવો હોવાથી કોરોના નામ અપાયું છે. વૈજ્ઞાનિકો એની રસી શોધી રહ્યા છે પણ હજુ સુધી સફળતા મળી નથી. સૌપ્રથમ બ્રિટનમાં કાર્યરત ચીની ડોક્ટર પુન લીટે વર્ષ ૨૦૦૩માં આ વાયરસની હાજરીની નોંધ લીધી હતી પરંતુ તે સમયે આ વાયરસ એટલો ઘાતકી નહોતો. આ વાયરસનું ઉત્પત્તિસ્થાન ચામાચિડિયું કે કીડીખાઉં છે જે બાયોલોજીકલ હથીયારો તે અંગે કોઈ સ્પષ્ટતા નથી મળી. આ ગંભીર બીમારીના કારણે ૩૦ જાન્યુઆરી,૨૦૨૦ ના રોજ આંતરરાષ્ટ્રીય આરોગ્ય કટોકટી જાહેર કરવામાં આવેલ છે. શું પોતાના આરોગ્યની દેખભાળ રાખી દેશની જનતાની આરોગ્યની જો આપણે સુખાકારી જાળવી શકતા હોઈએ તો એનાથી બીજી કોઈ મોટી દેશસેવા નથી. સવાલ સમજદારી અને વિવેકબુદ્ધિ અનુસાર ચાલવાનો છે. અઘરું છે પણ અશક્ય તો નથી જ. આપણી એક નાની ભૂલ કેટલું મોટું સ્વરૂપ લે છે એનો જવાબ તો જ્યારે દેશ-દુનિયાને હમેશને માટે 'નમસ્તે' કહેશે ત્યારે જ મળશે. આજે ગુજરાતની જ વાત કરીએ તો તારીખ ૩૧ માર્ચ.૨૦૨૦ સુધી સંપૂર્ણ લોક ડાઉન કરવામાં આવેલ છે. દિવસે દિવસે કોરોનાના દર્દીઓનું પ્રમાણ વધી રહ્યું છે. ક્યારેય ઘર પરિવારને સમય ન આપનાર કે આપી ન શકનાર આજે ઘરે બેઠા છે. ઘર બાળકની પ્રથમ શાળા છે જ્યાં આજે સૌ ભેગા મળી કલરવ કરી રહ્યા છે. અને સૌથી મોટું પ્રદાન છે પ્રદુષણમાં

RRIJM 2015, All Rights Reserved

ઘટાડો. હું તો માનું છું કે કોરોના દ્વારા કુદરત આ બધું કરવા પાછળ કોઈ દિશા નિર્દેશ કરી રહેલ છે. અંતે ટૂંકમાં એટલું કહીને મારી વાતને વિરામ આપીશ કે કોરોનાને કારણે વિનાશ છે પરંતુ લોકડાઉન અને જનતા કર્ફ્યુ વગેરેને કારણે પ્રદુષણ દુર ભાગ્યા અને પરિવારો નજીક આવ્યા.

**સંદર્ભો** :


1. Frankel, J.R., How to Teach about Values. New Delhi : Prentice Hall International, 1977.
2. Gaur,R.R., Sangal & G.P.Bangaria , Human Values, New Delhi, Excel Books, 2010.
3. રાવલ નટુભાઈ, કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૨૦૧૧.
4. દેશમુખ સીતારામ, મૂલ્ય શિક્ષણ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩.
5. દિવ્ય ભાસ્કર વર્તમાનપત્ર, તારીખ.૨૨/૦૩/૨૦૨૦
6. World inbox ફેસબુક પેજના વીડીઓમાં સાભાર તારીખ.૨૧/૦૩/૨૦૨૦